હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



બહેન તમારા હસબંડને બીજુ કાંઇ નથી એને એ ચિંતા છે કે કરોડોના ખર્ચે બનેલુ ચંદ્રયાન પાછુ કેમનુ લાવવું..!! એટલે થોડુ બી.પી વધુ આવ્યું...!!

રમતગમત એ જીવનમાં વ્યક્તિના મજબૂત ઘડતરમાં ખૂબ ઉપયોગી બને છે. જેના કારણે વિદ્યાર્થીવસ્થામાં અભ્યાસની સાથે રમતગમતને પણ પ્રોત્સાહન અપાય છે. શહેરના સેક્ટર-૧૬માં મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે કડી સર્વ વિદ્યાલયના રમતોત્સવનો ચેરમેન વલ્લભભાઈ પટેલની ઉપસ્થિતિમાં શુભારંભ કરાયો હતો.

સે-૨૧ પોલીસ મથકે સ્ટાફ દ્વારા સત્યનારાયણની કથા યોજાઈ

પવિત્ર શ્રાવણ માસ દરમિયાન મંદિરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. ત્યારે સેકટર-૨૧ પોલીસ મથકના સ્ટાફના અધિકારી-કર્મચારીઓ દ્વારા પોતાના અતિ વ્યસ્ત કામગીરીના ભારણ વચ્ચે આજે સત્ય નારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ મથકના સ્ટાફ અને પરિવારના સભ્યો હાજર રહીને ભગવાન સત્ય નારાયણના દર્શન કરી કથાનો લ્હાવો લીધો હતો.

સે-૨૫ જીઆઈડીસીમાં બંધ ગોડાઉનમાંથી વિદેશી દારૂની ૪૮૧ પેટી મળી

એલસીબી-૨ પોલીસે રૂ.૩૨.૫૦ લાખની ૧૧,૮૯૨ બોટલ ઝડપી પાડી : સેકટર-૨૧ પોલીસ મથકના પીઆઈ ઉંઘતા ઝડપાયા

ગાંધીનગર, તા.૨૫

શહેરના સેકટર-૨૫ જીઆઈડીસી ઈલેક્ટ્રોનીકસ એસ્ટેટમાં આવેલા ગોળી-બિસ્કીટના સામાન માટે ભાડે આપેલા બંધ ગોડાઉનમાંથી એલસીબી-૨ પોલીસે રૂ.૩૨.૫૦ લાખની કિંમતનો અધધ ૪૮૧ પેટી વિદેશી દારૂની ઝડપી પાડી છે. ત્યારે દારૂબંધીવાળા રાજયના પાટનગરમાંથી આટલીમોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપાતા નાગરીકો પણ આશ્ચર્ય પામ્યા હતા.ત્યારે સેકટર-૨૧ પોલીસ મથકના પીઆઈ ઉંઘતા ઝડપાયા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર રેન્જ આઈજી વિરેન્દ્રસિંગ યાદવ અને જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા જિલ્લામાં દારૂ પ્રવૃતિ નાબુદ કરી ઈન્ડ્રસ્ટ્રીયલ જીઆઈડીસી વિસ્તારમાં આવેલ અવાવરૂ બંધ ગોડાઉનની આડમાં ચોરી છુપી થી થતી ગેરકાયદેસર દારૂની પ્રવૃતિ શોધી કાઢવા માટે એલસીબી-૨ પીઆઈને જરુરી સુચના આપી હતી. જે અન્વયે એલસીબી-૨ પીઆઈ એચ.પી.પરમારના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો બનાવી અસરકારક કામગીરી કરવા ટેકનીકલ તેમજ સ્થાનિક હ્યુમન સોર્સના માધ્યમથી માહિતી એકઠી કરવાની કામગીરીમાં સતત કાર્યરત હતા. જયારે ગઈકાલે એલસીબી-૨ પીઆઈ એચ. પી. પરમારને ખાનગીરાહે બાતમી મળી હતી કે રાજસ્થાનના ઝાલોરનો દેવારામ તેના મળતીયાઓની મદદ થી સેકટર-૨૫ જીઆઈડીસી ઈલેક્ટ્રોનીકસ ઝોનમાં આવેલા બી-૨૨૧ નંબરના પ્લોટમાં બંધ ગોડાઉનમાં ખુબ મોટા પ્રમાણમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની માહિતિને પગલે એલસીબીની ટીમે આયોજન બધ્ધ રીતે ગોડાઉન પર જઈ રેઈડ કરતા ગોડાઉનમાં શટરના ભાગે તાળુ મારેલુ હતું.

જે તાળુ તોડી અંદર પ્રવેશી અંદર નજર કરતા સાદા પુંઠાના બોક્ષમાં છુપાવેલ ૧૧,૮૯૨ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. ગોડાઉનમાં બોક્ષમાં છુપાવેલી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ-૪૮૧ પેટી મળી આવી હતી. એલસીબી-૨ પોલીસે રૂ.૩૨.૫૦ લાખની કિંમતની ૧૧,૮૯૨ બોટલ કબ્જે કરી હતી.જયારે રાજસ્થાના ઝાલોરના દેવારામ અને તેના મળતીયાઓ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે સેકટર-૨૫ ઈલેક્ટ્રોનીક્સ એસ્ટેટના બી-૨૨૧ ખાતે ગોડાઉન થોડા દિવસો પૂર્વે જ ભાડે આપવામાં આવ્યું હોવાનું ધ્યાને આવ્યું છે.જયારે ગોળી-બિસ્કીટ, વિવિધ નાસ્તાના પેકેટના ગોડાઉનમાંથી વિદેશી દારૂનો મોટીમાત્રામાં દારૂનો જથ્થો ઝડપાતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

બાલા હનુમાન મંદિર સે. ૨ ગાંધીનગર ખાતે સુંદરકાંડ પાઠનું ભવ્ય આયોજન

ગાંધીનગર, તા. ૨૫

પવિત્ર શ્રાવણ માસની અગિયારસ, રવિવારે શ્રી બાલા હનુમાનજી મંદિર સેક્ટર-૨, ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ ગાંધીનગરના ભાવિક ભક્તો માટે વિશ્વ વિખ્યાત એવા પ.પુ. ગુરૂજી અશ્વીનભાઈ પાઠકના કંઠે તા. ૨૭-૮-૨૦૨૩, રવિવારે રાત્રે ૭ કલાકે બાલા હનુમાનજી મંદિર, સેક્ટર-૨, ગાંધીનગર ખાતે સુંદરકાંડ પાઠનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે જે સર્વે ભક્તોને બાલા હનુમાનજી મંદિર તરફથી ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવે છે.

ઉધનામાં ટેકનીકલ કારણોસર ટ્રેન વ્યવહારને અસર

ગાંધીનગર, તા. ૨૫

અમદાવાદ થી મુંબઈ જતી કેટલીક ટ્રેનને રદ કરવાની ફરજ પડી છે. સુરતના ઉધનામાં ટેકનીકલ કારણોસર ટ્રેન વ્યવહારને અસર પહોંચી છે. જેને લઈ અમદાવાદ- મુંબઈ વચ્ચેની કેટલીક ટ્રેનને રદ કરવાની જરુર પડી છે.અમદાવાદ થી મુંબઈ જતી કેટલીક ટ્રેનને રદ કરવાની ફરજ પડી છે. સુરતના ઉધનામાં ટેકનીકલ કારણોસર ટ્રેન વ્યવહારને અસર પહોંચી છે. જેને લઈ અમદાવાદ- મુંબઈ વચ્ચેની કેટલીક ટ્રેનને રદ કરવાની જરુર પડી છે. ૨૬ ઓગષ્ટથી ૨૮ ઓગષ્ટ સુધીની ટ્રેનને રદ કરવાની ફરજ પડી છે.

શહેરના જાણીતા એડવોકેટનું બોગસ ફેસબુક એકાઉન્ટ બનાવતા શખ્સ સામે ફરીયાદ

ગાંધીનગર,તા.૨૫

શહેરના જાણીતા એડવોકેટ અને બ્રહ્મ સમાજના આગેવાનના ફોટોનો ઉપયોગ કરી શ્રીનિવાસ શ્રીનું નામનું ખોટુ ફેસબુક એકાઉન્ટ બનાવનાર અજાણ્યા વ્યકિત સામે સાયબર સેલમાં ફરીયાદ નોંધાવી છે. ઉલ્લેખયની છે અજાણ્યા વ્યકિતએ ખોટું ફેસબુક એકાઉન્ટ બનાવી એડવોકેટના ગ્રુપમાં ફ્રેન્ડ રીકવેસ્ટ પણ મોકલી આપતા સમગ્ર પ્રકરણ સામે આવ્યું હતું.

મળતી વિગત મુજબ શહેરના જાણીતા વકીલ અશ્વિન ત્રિવેદી સેકટર-૮ ખાતે પરિવાર સાથે રહે છે. તેઓ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજયકક્ષા)ના મુખ્ય સંગઠક તરીકે સેવા આપે છે.

આ ઉપરાંત સમાજ અને વિવિધ સંસ્થામાં મહત્વના હોદા પર ફરજ બજાવી રહ્યા છે. ગઈરોજ તેમણે પોતાનું ફેસબુક આઈડી ચેક કરતા શ્રી નિવાસ શ્રીનું નામના શખ્સે તેમના પ્રોફાઈલ ફોટાનો ઉપયોગ કરી પોતાના નામે ખોટુ ફેસબુક એકાઉન્ટ બનાવી ગ્રુપમાં ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી હોવાનું ધ્યાને આવ્યું હતું.જેથી એડવોકેટ અશ્વિન ત્રિવેદીએ ફેક ફેસબુક એકાઉન્ટમાં તપાસ કરતા તેમનો વડાપ્રધાન સાથેનો પણ પ્રોફાઈલ ફોટો મુકવામાં આવ્યો હોવાનું ધ્યાને આવ્યું હતું.

મામલાની ગંભીરતા સમજી તેઓએ સાયબર સેલમાં ફરીયાદન ા નોંધાવી છે. કે અજાણ્યા શખ્સનો ઈરાદો ગુનાહિત તેમજ ગંભીર પ્રકારનો લાગે છે. તેમજ કોઈ છેતપિંડી આચરવાના બદ ઈરાદે પોતાનો ફોટાનો દુરઉપયોગ કરવામાં આવ્યો છે. જેને પગલે તેમણે સેકટર-૭ પોલીસ મથકે અજાણ્યા વ્યકિત સામે ફરીયાદ નોંધાવી છે.

ટીબીના જરૂરીયાત મંદ દર્દીઓને જન આરોગ્ય સમિતિ બેઠકમાં પોષણકીટનું વિતરણ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉવારસદના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર અડાલજ ૧,૨,૩ ખાતે જન આરોગ્ય સમિતિ બેઠક અંતર્ગત અડાલજ સરપંચ બિનિતાબેન પટેલ, અડાલજ ગ્રામ પંચાયત સભ્ય દક્ષાબેન મકવાણા હાજર રહ્યા હતા. જેમાં પટેલ દુષ્યંતકુમાર ગોરધનભાઈ, પટેલ અવનીબેન કાર્તિકકુમાર,યુવા પ્રતિનિધી મફતભાઈ ઠાકોર સ્વ ખર્ચે અડાલજ ગામના ટીબીના કુલ ૭ દર્દીઓને નિક્ષય પોષણ કીટ એનાયત કરવામાં આવી હતી. સમગ્ર સારવાર દરમિયાન તમામ દર્દીઓને દર મહિને પોષણ કીટ આપવાની રહેશે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉવારસદના મેડીકલ ઓફિસર ડો.સરોજીની બેન ચૌધરી અને આયુષ મેડીકલ ઓફિસર જાગૃતિબેન પ્રજાપતિ સહિત અડાલજ હેલ્થ વેલનેસ કાર્યક્રમમાં સ્ટાફના મિત્રો હાજર રહ્યા હતા.

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરિચર્સ ઇન્સ્ટીટ્યૂટ અડાલજ દ્વારા

વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામ 'પ્રારંભ'નું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરિચર્સ ઈન્સ્ટીટ્યૂટ, અડાલજ દ્વારા બી.ફામ અને ડી.ફામનાં સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામ 'પ્રારંભ'નું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૪-૮-૨૦૨૩ નાં રોજ સવારે યોજાયેલ આ પ્રોગ્રામમાં સંસ્થાના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. વિનય દરજી તથા ડૉ. સુનિતા ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા. તથા તેમને ફાર્મસી શાખા, કોલેજ લાઈફ તથા જરૂરી નિતી નિયમો વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રોગ્રામમાં સંસ્થાના ફેકલ્ટી ડૉ. ઝીલ પટેલે વિદ્યાર્થીઓને ફાર્મસી વિષય તથા તેના સ્કોપ વિષે માહિતી આપી હતી. ત્યારબાદ ડૉ. યોગી પંડ્યા દ્વારા અરીહંત ફાર્મસી કોલેજ તથા કોલેજની અલગ અલગ પ્રવૃત્તિઓ પર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રોગ્રામના ગેસ્ટ ઓફ ઓનર મી. ચંદ્રામાઉલી પાઠકે કે જે ઈન્ટર્નરશીપ અને સેમ એક્સપર્ટ છે તેમના દ્વારા ટીમ બ્યુલડીંગ અને ઈન્ટર્નશીપ આધારિત એક્ટીવીટી કરાવવામાં આવી હતી. તેમજ સંસ્થાના ફેકલ્ટી દ્વારા ટ્રોગેટ શેરીંગ, વિડીયો શેરીંગ તથા વિદ્યાર્થીઓનું ઈન્ટર્નશન વધે તેવી એક્ટીવીટી કરાવવામાં આવી હતી. આ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન ડૉ. યોગી પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

શેર ઇન્ડિયા સિક્યોરિટીઝ લીમીટેડ
CIN : L67120GJ1994PLC115132
રજી. ઓફીસ : ૧૬૦૧-૧૬૦૩, ૧૬મો માળ, દલાલ સ્ટ્રીટ, કોમર્શિયલ કો-ઓપરેટીવ સોસાયટી લિમીટેડ, રોડ પર્ઇ, બ્લોક ૫૩, ઝોન ૫, ગિફ્ટ સિટી, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૩૫૫
ફોન: +૯૧-૧૨૦-૪૮૧૦૦૦૦; વેબસાઇટ: www.shareindia.com; ઇમેઇલ: vikas_cs@shareindia.com

૨૯મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે **શેર ઇન્ડિયા સિક્યોરીટીઝ લીમીટેડ (ધી કંપની)** ના સભ્યોની **૨૯મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ)** કંપની કાયદા, ૨૦૧૩ (કાયદા) અને તે હેઠળ બનાવેલ નિયમોની તમામ લાગુ થતી જોગવાઇઓ, સેબી (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (સેબી લિસ્ટીંગ રેગ્યુલેશન્સ) અને કોર્પોરેટ અફેર્સ મંત્રાલય (એમસીએ) દ્વારા જારી કરાયેલ તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦ ની તારીખના સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦ ની તારીખના પરિપત્ર નં. ૧૭/૨૦૨૦, ૫ મે, ૨૦૨૦ ની તારીખના પરિપત્ર નં. ૨૦/૨૦૨૦, ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧ ની તારીખના પરિપત્ર નં. ૦૨/૨૦૨૧, ૮ ડિસેમ્બર, ૨૦૨૧ ની તારીખના પરિપત્ર નં. ૧૯/૨૦૨૧, ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧ ની તારીખના પરિપત્ર નં. ૨૧/૨૦૨૧, ૫ મે, ૨૦૨૨ ની તારીખના પરિપત્ર નં. ૨/૨૦૨૨ અને ૨૮ ડિસેમ્બર, ૨૦૨૨ ની તારીખના પરિપત્ર નં. ૧૦/૨૦૨૨ અને ૧૧/૨૦૨૨ (એમસીએ પરિપત્રો) અને સિક્યોરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા દ્વારા અપાયેલા ૦૫ જાન્યુઆરી, ૨૦૨૩ તારીખના પરિપત્ર નં. સેબી/એચઓ/સીએફડી/પીઓડી-૨/પી/સીઆઇઆર/૨૦૨૩/૪ (સેબી પરિપત્ર) ના અનુપાલનમાં કથિત એજીએમ બોલાવતી નોટીસમાં નિર્ધારીત મુજબના વ્યવસાયના વ્યવહારો કરવા માટે શેર ઇન્ડિયા સિક્યોરીટીઝ લીમીટેડ (ધી કંપની) ના સભ્યોની ૨૯મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) બુધવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે (ભારતીય સમય) વિડિયો કોન્ફરન્સીંગ (વીસી) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) સવલત દ્વારા યોજવાનું નિર્ધારીત છે.

કાયદાની લાગુ પડતી જોગવાઇઓ, સેબી લિસ્ટીંગ રેગ્યુલેશન્સ અને સદરહુ એમસીએ અને સેબી પરિપત્રોના અનુપાલનમાં, જે સભ્યોના ઇ-મેઇલ એડ્રેસીઝ ડીપોઝીટરી સહભાગી(ઓ) / કંપની / કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ પાસે નોંધાયેલા છે અને જેઓ ૧૮ ઓગસ્ટ, ૨૦૨૩ મુજબ કંપનીના ઇક્વિટી શેરો ધરાવે છે તેમને ૨૯મી એજીએમની નોટીસ અને નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૩ ના વાર્ષિક અહેવાલ ઇલેક્ટ્રોનિક મોડમાં મોકલવામાં આવ્યા છે.

સભ્યો જેઓ તેમના ઇમેઇલ એડ્રેસીઝ નોંધાવવા ઇચ્છે છે તેમને તેમના સંબંધિત ડિપોઝિટરી સહભાગીઓ (ડીપી) દ્વારા સૂચવવામાં આવેલી પ્રક્રિયા અનુસાર તેમના ડીમેટ એકાઉન્ટમાં વિગતોની નોંધણી/અપડેટ કરાવવાની વિનંતી કરવામાં આવે છે.

૨૯મી એજીએમની નોટીસ અને કંપનીનો નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેનો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ એટલે કે **www.shareindia.com** ઉપર અને સ્ટોક એક્સચેન્જીસની વેબસાઇટ એટલે કે **www.bseindia.com** ખાતે બીએસઇ લિમિટેડ અને **www.nseindia.com** ખાતે નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા અને **www.evotingindia.com** ખાતે ઇ-વોટીંગ સર્વિસ પ્રોવાઇડર એટલે કે સીડીએસએલની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ રહેશે.

કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦ સાથે વંચાતી કાયદાની કલમ ૧૦૮ ની જોગવાઇઓ, જનરલ મીટીંગ્સ પર સેક્રેટેરીયલ સ્ટાન્ડર્ડ (એસએસ-૨) અને સેબી રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૪૪ ના અનુપાલનમાં, એજીએમમાં કરાનારા વ્યવસાયના વ્યવહારોના સંબંધમાં કંપની રિમોટ ઇ-વોટીંગ અને એજીએમ દરમિયાન ઇ-વોટીંગ માટે સીડીએસએલ દ્વારા ઉપલબ્ધ કરાનારી સુવિધા પૂરી પાડી રહી છે. કંપની દ્વારા ઇ-વોટીંગ સુવિધાજનક બનાવવા માટે સીડીએસએસએલ સાથે આવશ્યક વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

રિમોટ ઇ-વોટીંગ રવિવાર, ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ સવારે ૯.૦૦ કલાકે (ભારતીય સમયે) શરૂ થશે અને મંગળવાર, ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે (ભારતીય સમયે) સમાપ્ત થશે. કથિત તારીખ અને સમયથી આગળ રિમોટ ઇ-વોટીંગની મંજૂરી આપવામાં આવશે નહીં.

વ્યક્તિ જેમના નામ બુધવાર, ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ ની તારીખની કટ-ઓફ તારીખ મુજબ સભ્યો/લાભાર્થી માલિકોના રજીસ્ટરમાં દેખાય છે, માત્ર તેઓ જ વાર્ષિક સામાન્ય સભા દરમિયાન અથવા એ પહેલાં રિમોટ ઇ-વોટીંગ સુવિધા મેળવવા હકદાર રહેશે. એજીએમ પહેલાં રિમોટ ઇ-વોટીંગ/એજીએમ દરમિયાન ઇ-વોટીંગ અને વીસી/ઓએવીએમ મારફતે એજીએમમાં ઉપસ્થિત રહેવાની વિગતવાર પ્રક્રિયા એજીએમની નોટીસની નોંધોમાં આપવામાં આવી છે.

કોઇપણ વ્યક્તિ, જેમણે એજીએમની નોટીસની રવાનગી પછી કંપનીના શેરો હસ્તગત કર્યા છે અને કંપનીના સભ્ય બન્યા છે અને બુધવાર, ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ ની તારીખની કટ-ઓફ તારીખ મુજબ કંપનીના શેરો ધરાવે છે તેઓ helpdesk.evoting@cdslindia.com ખાતે વિનંતી મોકલવા દ્વારા યુઝર આઇડી અને પાસવર્ડ મેળવી શકે છે. જો કે, જો તમે સીડીએસએલ સાથે રિમોટ ઇ-વોટીંગ માટે પહેલેથી નોંધાયેલા છો, તો તમે તમારો મત આપવા માટે તમારા વર્તમાનના યુઝર આઇડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકો છો.

સભ્યો/શેરહોલ્ડર્સ જેમણે ઇ-વોટીંગ સમયગાળા દરમિયાન તેમના મતો આપ્યા નથી, માત્ર તેઓ જ સભા દરમિયાન તેમના મતો ઇલેક્ટ્રોનિકલી આપી શકશે. સીડીએસએલ દ્વારા ત્યાર પછી મતદાન માટે ઇ-વોટીંગ મોડ્યુલ અક્ષમ કરવામાં આવશે. સભ્યો જેમણે સભા પહેલાં રિમોટ ઇ-વોટીંગ દ્વારા તેમના મત આપી દીધા હોય તેઓ સભામાં પણ ઉપસ્થિત રહી શકશે પરંતુ તેમને ફરીથી તેમનો મત આપવાની મંજૂરી આપવામાં આવશે નહીં. સભ્ય દ્વારા ઠરાવ(વો) ઉપર એકવાર મત(તો) આપી દીધા પછી, તેને પાછળથી બદલી શકાશે નહીં.

ઇલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા મતદાન માટેની સુવિધાથી સંબંધિત તમામ ફરિયાદો શ્રી રાકેશ દલવી, સિનિ. મેનેજર, સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ (ઇન્ડિયા) લિમિટેડ, એ વિંગ, ૨૫મો માળ, મેરેથોન ફ્યુચ્યુરેક્ષ, મફતલાલ મિલ કમ્પાઉન્ડ્સ, એન.એમ.જોષી માર્ગ, લોઅર પરેલ (પૂર્વ) મુંબઈ-૪૦૦૦૧૩ ને સંબોધિત કરવાની રહેશે અથવા helpdesk.evoting@cdslindia.com ને ઇમેઇલ મોકલવાનો રહેશે અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૨ ૫૫ ૩૩ ઉપર ફોન કરવાનો રહેશે.

શેર ઇન્ડિયા સિક્યોરિટી લીમીટેડ વતી
સહી/-
વિકાસ અગ્રવાલ
કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ અધિકારી

સ્થળ : નોઈડા
તારીખ : ઓગસ્ટ ૨૫, ૨૦૨૩

સમસ્ત બ્રહ્મસમાજ મહિલાપાંખ દ્વારા શ્રાવણ માસમાં પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખના પ્રમુખ પ્રવિણાબેન વોરા અને મંત્રી વિમળાબેન અયાચીના નેઝા હેઠળ પવિત્ર શ્રાવણ માસમાં ગાંધીનગર શહેરની બ્રહ્મસમાજની બહેનોનો પ્રવાસ તા. ૨૪-૮-૨૩ને ગુરૂવારના દિવસે ભરૂચ ઝાડેશ્વર, કબીરવડ, નારેશ્વર, કાયાવરણ અને પોયચાનો એક દિવસનો પ્રવાસ કરવામાં આવેલ હતો.

આ પ્રવાસમાં મોટી સંખ્યામાં બ્રહ્મસમાજની બહેનોએ પવિત્ર શ્રાવણ માસમાં ઝાડેશ્વર નીલકંઠ મહાદેવજીના સાનિધ્યમાં સમુહમાં શિવ મહિમ્નના પાઠ કરી ધન્યતા અનુભવેલ ત્યારબાદ કબીરવડમાં સૌ બહેનોએ સમૂહમાં નર્મદા સ્નાન કરી પૂણ્યનું ભાથુ ભરેલ ત્યારબાદ નારેશ્વર અને કાયાવરણમાં દર્શનનો લાભ લઈ છેલ્લે પોયચામાં સાંજે ૭ વાગ્યાની મહા આરતીનો લાભ લઈ સૌ બહેનોએ ધન્યતા અનુભવી હતી.આ સમગ્ર પ્રવાસના આયોજનમાં પ્રમુખ પ્રવિણાબેન વોરા, મંત્રી વિમળાબેન અયાચી, પૂર્વ પ્રમુખ ચંદ્રિકાબેન રાવલ, દિવ્યાબેન પંડ્યા અને કારોબારીની બહેનોનો ખૂબજ સાથ અને સહકાર સાથે પ્રવાસની મોજ માણેલ.

ગિફ્ટ સિટી ખાતે સાંજે આગ લાગતાં ફાયરની સાયરનો ગુંજી ઉઠી

જિલ્લા ડિઝાસ્ટર દ્વારા આશરે ૯૦મીટર ઊંચી ૨૨માળની "ફિનટેક વન" બિલ્ડીંગ ખાતે ફાયર મોકલ ડ્રીલ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૫

ગિફ્ટ સિટીમાં આશરે ૯૦મીટર ઊંચી ૨૨માળની "ફિનટેક વન" બિલ્ડીંગ ખાતે ફાયર મોકલ ડ્રીલ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી. ફાયર ડ્રિલ સાંજે ૪:૦૦ વાગ્યે શરૂ થઈ હતી અને લગભગ ૪:૫૦ઁ૨૫ર સમાપ્ત થઈ હતી. આ ડ્રિલમાં રિસ્પોન્સ ટીમોએ અસરકારક રીતે આગની પરિસ્થિતિનું સંચાલન કર્યું હતું અને સર્ચ તેમજ બચાવ કામગીરી હાથ ધરી અને નાગરિકોને બહાર કાઢવાનું સંકલન કર્યું હતું. મોકડ્રિલમાં ગિફ્ટ સિટીની ફાયર ફાઈટિંગ ટીમ, અમદાવાદ અને ગાંધીનગર ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસની ટીમોએ આગ બુઝાવવાના પ્રયત્નોનું નેતૃત્વ કર્યું. તેઓ ઝડપથી ૧૨મા માળે પહોંચ્યા હતા અને ઈલેક્ટ્રિકલ પેનલમાં લાગેલી આગને સફળતાપૂર્વક કાબુમાં લીધી હતી. આ કવાયતનું પ્રાદેશિક ફાયર ઓફિસર હિમાંશુ પટેલ અને ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીના પ્રતિનિધિ કુ. મેઘા રબારીએ નિરીક્ષણ કર્યું હતું. આ કવાયતમાં સામેલ એજન્સીઓની સક્ષમતા અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રોટોકોલની અસરકારકતા દર્શાવવામાં આવી હતી. આ કવાયતમાંથી મેળવેલા અવલોકનો અને શીખેલા કટોકટી પ્રતિભાવ વ્યૂહરચનાઓને વધુ વધારવામાં ફાળો આપશે.